ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

...એક હતા યશવંત કડીકર

ગુજરાતી ભાષાને લાડ લડાવનારા 'યશવંત' નામધારી લેખકો પૈકી સૌથી વિદ્વાન અને અભ્યાસુ સારસ્વત હતા. યશવંત શુકલ આ વર્ષે એમની જન્મ શતાબ્દી ઉજવાશે. યશવંત દોશી મુંબઈમાં વસી જઈ 'ગ્રંથ' જેવા વિવેચન માસિકનું સંપાદન સંભાળતા રહ્યા. એમનું પરિચય પુસ્તિકાઓનું કામ પણ યાદગાર. યશવંત ત્રિવેદી ઉત્તમ કવિ-વિવેચક છે. મુંબઈ રહે છે. યશવંત મહેતા બાલસાહિત્યનું પર્યાયવાચી નામ છે. તેઓ 'લેખક-મંડળ' જેવી લેખકોના હકકો માટે ઝઝૂમતી સંસ્થાના સંસ્થાપક તરીકે અને વિદેશી વાર્તાઓના રૂપાંતરકાર તરીકે પણ ઓળખાય છે. આ બધા યશવંતો કરતાં વિશેષ નામાંકિત કે લોકપ્રિય હતા યશવંત કડીકર કડીના વતની એટલી કડીકર, બાકી પરમ વૈષ્ણવ વણિક. બરાબર મકરસંક્રાન્તિના જ દિવસે એમણે આ ફાની દુનિયા છોડી દઈ શ્રીનાથજીનાં ચરણોમાં ચિરનિવાસ કર્યો છે. યશવંત કડીકર એકયાશીમાં વર્ષે પણ સતત લખતા રહેતા હતા. સમગ્ર દેશમાં સૌથી વધુ અખબારોમાં કટાર લેખન કરવાનો લિમ્કાબુકનો રેકોર્ડ એમના નામે નોંધાયેલ છે. કડીકર રેલ્વે ખાતામાં ગાર્ડ તરીકેની સેવાઓ આપી નિવૃત થયા હતા અને અમદાવાદ ખાતે સ્થાયી થયા હતા. કડીના 'સાહિત્ય વર્તુળ'સાથે તેઓ એના સ્થાપના કાળથી જ સંકળાયેલા હતા. ખુશમિજાજ સ્વભાવના આ લેખક ગુજરાતનાં તમામ અખબારો અને તમામ જાણીતાં સામયિકોમાં પ્રચુર માત્રામાં લખતા રહ્યા, એથી એમને 'રાઈટર્સ ક્રેમ્પસ'નામે ઓળખાતી તકલીફ રહેતી. આંગળાં ઠરડાઈ જાય, અક્ષરો વાંકાચૂકાં આવે. પરંતુ એથી હાર માને તો એ કડીકર નહીં. એમણે ડાબા હાથે લખવાની પ્રેકટિસ કરી, એ રીતે એ 'સવ્યસાચી' બની રહ્યા. 'બિંદાસ' ઉપનામથી પણ એમણે કેટલુંક લેખનકાર્ય કરેલ છે. એમની ભૂતકથાઓની કટાર ખૂબ જ લોકપ્રિય બની હતી. યશવંતભાઈ કોઈ પણ સામયિકને નાનું કે નકામું નહોતા ગણતા. એથી એમનાં લખાણો પ્રતિષ્ઠિત અખબારોથી લઈ ચોપાનિયાં જેવાં લઘુ અખબારોમાં પણ છપાતાં રહ્યાં. એક સમાજિક વિષય વસ્તુ ધરાવતા વાર્તાકાર નવલકથાકાર કરતાં સવિશેષ તો એ એમની માહિતીપ્રદ કટારો માટે વધુ જાણીતા હતા. 'આજનો દિવસ' જેવી કટાર માટે એ કેટલી જહેમત ઉઠાવતા હશે તે કલ્પી શકાય એમ છે. એ હરતી ફરતી ડિકશનરી, જ્ઞાનકોશ કે ડિરેકટરી જેવા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદ,ગુજરાત સાહિત્ય અકાદમી અને 'કાવ્યગોષ્ઠિ' જેવી સાહિત્યિક સંસ્થાઓ સાથે વર્ષો સુધી સંકળાયેલ રહેલા. યશવંત કડીકરને યોગ્ય સ્વીકૃતિ-સવિશેષ સાહિત્ય ક્ષેત્રની પ્રતિષ્ઠા નહીં મળી શકી,એનો રંજ કરવા કરતાં એમણે જીવનભર ગમતાંનો ગુલાલ ઉડાડયો એનો હરખ કરીએ. પરમાત્મા દિવંગત આત્માને શાંતિ બક્ષે.

આજથી સાદરામાં ત્રિદિવસીય વાંચન શિબિરનો પ્રારંભ

ગ્રામસેવા મહાવિદ્યાલય અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'મનુભાઈ પંચોળી દર્શકના સાહિત્ય'ને કેન્દ્રમાં રાખી વાંચન શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના સાદરા મુકામે આવેલ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯મીથી ૨૧મી જાન્યુઆરી દરમ્યાન ત્રિદીવસીય વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાંચન શિબિર 'મનુભાઈ પંચોળી દર્શકના સાહિત્ય'ને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવી છે.

આ વાંચન શિબિરનું ઉદ્‌ઘાટન તા. ૧૯મી જાન્યુઆરી સોમવારે સવારે ૧૧ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન સાદરાના મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ખાતેના સરદાર ઉપાસના મંદિર ખાતે યોજાશે. આ સમારંભમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ અધ્યક્ષપદે, કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખિમાણી અને ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગના અધ્યક્ષ ડૉ. ઉષાબેન ઉપાધ્યાય અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગ્રામસેવા મહા વિદ્યાલયના સંયોજક ડૉ. કનૈયાલાલ નાયક, સાહિત્ય અકાદમીના મહામાત્ર ચેતનભાઈ શુકલ અને શિબિર સંચાલક ડૉ. કનુભાઈ વસાવા પણ ઉપસ્થિત રહેશે.

આ શિબિરમાં તા. ૧૯મી જાન્યુઆરી સોમવારે બપોરે ૩ થી ૪ વાગ્યા દરમ્યાન પ્રથમ બેઠક યોજાશે. જેમાં 'દર્શકનું સર્જક વ્યક્તિત્વ' અંગે ડૉ. ઉષાબેન ઉપાધ્યાય માર્ગદર્શન આપશે. આ દિવસે રાત્રે ૮ વાગે સાહિત્યિક પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાશે. બીજી બેઠક તા. ૨૦મી જાન્યુઆરી મંગળવારે સવારે ૧૧ થી ૧૧.૩૦ કલાકે યોજાશે. જેમાં 'પરિત્રાણ' અંગે મીનળ દવે માર્ગદર્શન આપશે અને રાત્રે ૮ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ત્રીજી બેઠક તા. ૨૧મી જાન્યુઆરી બુધવારે સવારે ૧૧ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. જેમાં 'દર્શકનું સાહિત્ય' અંગે મનસુખ સલ્લા માર્ગદર્શન આપશે.

આ શિબિરનો પુર્ણાહુતિ કાર્યક્રમ તા. ૨૧મી જાન્યુઆરી બુધવારે બપોરે ૩થી ૪.૩૦દરમ્યાન મનસુખ સલ્લાના અધ્યક્ષપદે યોજાશે. સમગ્ર શિબિર દરમ્યાન બેઠક સિવાયના સમયે વિદ્યાર્થીઓ જુથ વાંચનની પ્રવૃતિ કરશે.

ભારતીય વિચાર મંચે હિન્દુ સંસ્કૃતિના પડકાર માટે સંગઠીત થઈ કર્યું ચિંતન

ગાંધીનગર, તા.૧૮

ભારતીય સંસ્કૃતિ સામે આજે અનેક પડકાર ઉભા થયેલા છે. ધાર્મિક આક્રમણોથી વૈચારિક ક્રાંતિ આવે છે

એને એની આડ અસરો સમાજ સામે આવીને ઉભી રહે છે. ભાષા મૃત્યુ પામે છે ત્યારે સંસ્કૃતિનો પણ મૃત્યુઘંટ વાગી જાય છે. આવા વિવિધ પાસાઓને આવરીને હિન્દુ સંસ્કૃતિ બચાવવા ને એનો સુવ્યવસ્થિત પ્રચાર-પ્રસાર થાય એ માટે ભારતીય વિચાર મંચે એક મનોમંથન બેઠકનું આયોજન કરી શહેરમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી.

ગુજરાત ધર્મ જાગરણ મંચના પ્રમુખ સત્યજીત રાવે મહાભારત-રામાયણની વાતો સાથે તર્કબધ્ધ હિન્દુ ધર્મને ઉજાગર કરતી વાતો કરી હતી. 'વસુધૈવ કુટુંબકમ' સાથે ધર્મ જાગરણ માટે બ્રહ્મરાક્ષસની વાર્તા કરી હતી. અશ્વત્થામાની વાત સાથે જયારે ધર્મની લડાઈ હોય તો કુશળપૂર્વક અર્ધસત્ય ઉચ્ચારવાનું ઉદાહરણ આપ્યું હતું.

દેશની વિચારધારા અને સંસ્કૃતિના સંવર્ધન માટે ઘરના સંસ્કારથી શરૂઆત કરવાની, ઘરના તુલસી કયારે દિવો કે આપણા પૂર્વજોની તાકાતની પણ યાદ કરાવવી જોઈએ જેમ પાણી માગીએ તો સાથે ગ્લાસ આવે જ એમ ભાષા સાથે સંસ્કૃતિ આવે જ છે. દુનિયા કર્મકાંડ પાછળ દિવાની છે, ધર્મમાં આંધળા અનુકરણની જરૂર નથી, આપણી ભાષા મૃત્યુ પામે ત્યારે સંસ્કૃતિ મૃત્યુ પામે છે.

આ વિચાર ચિંતન બેઠકનું આયોજન ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરીક માટે ભારતીય વિચાર મંચના સારથી સંજય જોષીએ કર્યું હતું. સ્વામિનારાયણ ગુરુકુળ શાળાના માધવ સ્વામિ-રામ સ્વામિના આશીર્વાદ સાથે ઉમંગ પટેલે સંસ્કૃતિ સિંચન માટે યોગ્ય સવલતો આપી હતી. કાર્યક્રમનું સૂત્ર સંચાલન ઈશાન જોષીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ સુરેશ ભટ્ટ અને મંત્રી સંજય થોરાત તેમજ આર.એસ.એસ.ના વરિષ્ઠ સેવક ડૉ. ભરત પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

'ભારતીય વિચાર મંચ'નો આ સંસ્કૃતિ બચાવ પહેલ આજના સાંપ્રત સમયેખરેખર જરૂરી સાબિત બની રહેશે.

હરિની દૃષ્ટિ...

સાહેબ પુરું થઇ ગયું ? લારી લગાવી દઉં...?!

ગુજરાતભરમાં ૮૪ લાખથી વધુને પોલિયો ટિપા અપાયા

વર્ષ ૨૦૦૭ પછી ગુજરાતમાં પોલિયોનો એક પણ મામલો નોંધાયો નથી : મુખ્યમંત્રી : સવારથી જ આક્રમક ઝુંબેશ

ગાંધીનગર,તા. ૧૮

બાળ લકવા નાબૂદી અભિયાન હેઠળ આજે સમગ્ર રાજયમાં ૮૪ લાખ ૧૨ હજાર બાળકોને પોલિયોના ટીપા આપવામાં આવ્યા હતા. ૩૭૧૯૧ રસીકરણ બૂથ દ્વારા પોલિયોના ટીપા બાળકોને આપવામાં આવ્યા હતા. મુખ્યંમત્રી આનંદીબેન પટેલે બાળ લકવા નાબૂદી અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આનંદીબેને દાવો કર્યો હતો કે, વર્ષ ૨૦૦૭ પછી ગુજરાતમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બાળલકવા નાબુદીના ઘનિષ્ઠ અભિયાન અન્વયે આજે પોલીયો રવિવાર અંતર્ગત ગાંધીનગરમાં ભુલકાઓને પોલીયો વિરોધી રસીના ટિપા પિવડાવતા ગુજરાતે પોલીયો મુક્ત રાજયનું ગૌરવ મેળવ્યું છે, તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ રાજય સરકારના આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગને પોલીયો રસીકરણની ઉત્કૃષ્ટ કામગીરી માટે ડબલ્યુ એસ ઓ અને યુનિસેફ દ્વારા સન્માનિત કરવામાં આવ્યો છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર રાજયમાં પોલીયો રસીકરણ અભિયાન તહેત આજે ૦ થી પાંચ વર્ષની વયના ૮૪ હજાર ૧૨ લાખ બાળકોને ૩૭૧૯૧ રસીકરણ બૂથ તથા ૨૯૩૪ મોબાઈલ ટિમ દ્વારા ૧ લાખ ૬૬ હજાર આરોગ્ય કર્મીઓએ પોલીયો વિરોધી રસીના ટીપા પિવડાવ્યા છે તેની વિગતો આરોગ્ય કમિશનરએ મુખ્યમંત્રીને આપી હતી. આનંદીબેન પટેલે પોલીયો વિરોધી રસીકરણની આ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશની ફલશ્રુતિ સ્વરૂપે ગુજરાતમાં એપ્રિલ-૨૦૦૭ પછી પોલીયોનો કોઈ કેસ નોંધાયો ન હોવાની જાણકારી પણ આ વેળાએ આપી હતી. આ પ્રસંગે આરોગ્ય કમિશનર જે.પી.ગુપ્તા, ડૉ. ધોળકીયા તથા માતાઓ-ભુલકાંઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાળ લકવા નાબૂદી

ગુજરાતમાં આજે બાળલકવા નાબૂદી અભિયાન હેઠળ રાજયમાં લાખો બાળકોને પોલિયોના ટિપા પીવડાવવામાં આવ્યા હતા. રસીકરણ અભિયાન નીચે મુજબ છે.

રસીકરણ બૂથ	૩૭૧૯૧
ટિપા પીવડાવાયા	૮૪.૧૨ લાખ
આરોગ્ય કર્મચારી	૧.૬૬ લાખ
ટ્રાન્ઝીટ ટીમ	૨૩૬૦
મોબાઈલ ટીમ	૨૯૩૪
બાળકો	૦-૫ વર્ષ

રાજ્યમાં સ્પંદન રાષ્ટ્રીય કલા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં સ્પંદન સંસ્થા દ્વારા રાષ્ટ્રીય કલા મહોત્સવનું તા. ૨૫મી જાન્યુઆરી ૧૦મી માર્ચ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત અમદાવાદ અને વડોદરાથી આર્ટ ગેલેરીઓમાં સાત રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના કલા પ્રદર્શનો યોજાશે. આ ઉપરાંત તા. ૨૭મી જાન્યુઆરીએ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સેવાવૃતિ સુરેશ સોની તથા કલાનિધિ દિપક કન્નાલને 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ' એવોર્ડ તેમજ સેવાઆથી ઈન્દિરા સોનીને 'કસ્તુરબા ગાંધી સેવા પુરસ્કાર' એનાયત કરાશે.

આ કાર્યક્રમમાં સાત સંસ્થાઓ અને વ્યક્તિ વિશેષને 'સ્પંદન પુરસ્કાર'થી નવાજવામાં આવશે. આ પ્રસંગે સંગીત તથા કલાનું જીવંત નિદર્શન કરાશે. કલા મહોત્સવમાં ૧૫૦ જેટલા ગુજરાતના અને ભારતના વિવિધ રાજ્યોના કલાકારો પોતાના સ્થાનિક કલા વૈભવ અને કૌશલ્યને પ્રદર્શિત કરશે. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપવાનો અને તેમની કલાકૃતિઓના વેચાણ માટે મંચ પુરો પાડવાનો છે.

અમદાવાદમાં નિરંકારી સંત સમાગમનું આયોજન

ગાંધીનગર તા.૧૮

વિશ્વ બંધુત્વ-ભાઈચારાનું ધ્યેય ધરાવતા સંત નિરંકારી મંડળ દ્વારા આગામી તા.૨૦મી જાન્યુઆરી મંગળવારે ૬ થી ૯ વાગ્યા દરમ્યાન અમદાવાદમાં ભવ્ય સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંત સમાગમ ડ્રાઈવ-ઈન રોડ પર આવેલ અમદાવાદ એજયુકેશન સોસાયટીના ગ્રાઉન્ડ પર યોજાશે.

આ સંત સમાગમમાં ભાગ લેવા અમદાવાદ શહેર તથા ગુજરાતના અનેક શહેરોમાંથી મહાનુભાવો તમામ જ્ઞાતિ-ધર્મના અનુયાયીઓ તેમજ શ્રધ્ધાળુઓ ભાગ લેશે. આ કાર્યક્રમમાં બાબા હરદેવસિંહજીના સાનિધ્યમાં વિશ્વશાંતિ, સહઅસ્તિત્વ, માનવતા તથા એકતત્વનો સંદેશ જનજન સુધી પહોંચાડવા ગુજરાત અને ભારતની અન્ય ભાષાઓમાં ધાર્મિક ભજનો, ગીતો તથા પ્રવચન ભકિતભાવ પૂર્વક પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમમાં સાંજે ૬ થી ૯ વાગ્યા દરમ્યાન સત્સંગ કાર્યક્રમ અને રાત્રે ૯ વાગ્યાથી બાબા હરદેવસિંહજીના આર્શિવચનો કાર્યક્રમ પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમ દરમ્યાન લંગર (ભોજન)ની પણ વ્યવસ્થા કરાઈ છે.

શાહીબાગ સરદાર પટેલ હોલમાં ખાદી ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

દીકરી પોતાનું આંતરિક દુ:ખ પોતાની માતા પાસે સહજ અને સરળ ભાવે કોઇ પણ જાતના આડંબર વગર વ્યક્ત કરતી હોય છે

મહિલા સમાજ અને કાયદા

- ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં આપણે વિદેશની ભારતીય એમ્બેસી અંગે ચર્ચા કરી. અમેરીકાના તથા ઓસ્ટ્રેલીયાના સ્વૈચ્છિક સંસ્થાના નામ તથા સરનામા અંગે માહિતી મેળવી આ માહિતીનો હેતુ એ છે કે જે બહેનો લગ્ન કરીને વિદેશ જાય છે તેઓને મુશ્કેલીના સમયમાં જયારે પોતાના વતનમાં કોઈ સાથે ન હોય અને કેટલાક પાસપોર્ટ, મુસાફરી ભાડુ, અચાનક એકલા પડી જવું અને આ બધી સ્થિતિમાં વિદેશમાં રહેલી ભારતીય એલચી કચેરી પણ ઉપયોગી થઈ શકે છે. સ્થાનિક, સમાજસેવી સંસ્થાઓ, કાયદાકીય રક્ષણ બાબતે તેમજ વિદેશ મંત્રાલયને લગતી બાબતોને મદદરૂપ થાય છે. સીમાના કેસમાં આગળ જોઈએ તો,

સીમાના લગ્ન પોતાની જ જ્ઞાતિના કેયુર સાથે સુરેન્દ્રનગર મુકામે થયેલા છે. સીમા લગ્ન કરીને કેયુર સાથે જામનગર મુકામે થોડા દિવસ સાથે રહે છે. વિદેશમાં થતા લગ્નમાં જેમ બને છે તેમ કેયુર ઓસ્ટ્રેલીયા નોકરી કરતો હોય પહેલા ઓસ્ટ્રેલીયા જાય છે. સીમા થોડો સમય સાસરીયા પક્ષ સાથે રહે છે અને થોડો સમય પોતાના માતાપિતા સાથે રહે છે. સાત-આઠ મહિના બાદ સીમાના પણ પરદેશ જવા અંગેના તમામ પેપર્સ તૈયાર થતા સીમા પણ ઓસ્ટ્રેલીયા પહોંચી જાય છે.

સીમા ઓસ્ટ્રલીયાના મેલબોર્ન ખાતે કેયુર સાથે પોતાનો લગ્નસંસાર શરૂ કરે છે. બને પતિ પત્ની પોતપોતાની નોકરી પર સમયસર પહોંચી જતા હોય છે અને એમ ધીમે ધીમે બંનેની સંયુકત કમાન માંથી એક મોટો બંગલો પણ વસાવે છે. સીમા ખૂબ ભણેલી છે અને ખૂબ હોંશીયાર છે. તેને કારણે સીમાને વધારે સારી નોકરીની તકો પ્રાપ્ત થાય છે અને આમ સીમાની આવક પણ ઉતરોત્તર વધવા લાગે છે. સીમા પોતાના મનની કલ્પના મુજબ બંગલામાં અવનવી વસ્તુઓ, ફર્નીચર, અદ્યતન ઘરવખરી વગેરે રોજબરોજ ખરીદી કરે છે. સીમાના માતા-પિતા તો એવું માને છે કે સીમા જાણે સ્વર્ગમાં રહે છે.

સીમા અને કેયુર દોઢ બે વર્ષ ઓસ્ટ્રેલીયા સાથે રહે છે અને ત્યારબાદ કુટુંબમાં ભારતમાં વ્યવહારિક પ્રસંગને કારણે ભારત આવે છે. સીમા અને કેયુર માત્ર ૨૫ દિવસ માટે ભારત આવેલા છે. અમદાવાદ ખાતે એરપોર્ટથી વ્યવહારિક પ્રસંગમાં થઈને પોતાના માતા-પિતા પાસે પહોંચે છે.

સીમા તેના સાસરે છે હજુ સાસરેને આવ્યા માત્ર ચાર દિવસ થાય છે સીમાને તો પોતાના માતાપિતા ને પણ મળવાની ઈચ્છા છે. સીમાની માતા ગંભીર બીમારીમાં પટકાયેલા છે, તેમ છતાં સીમા કેયુર સાથે કેયુરની માતા અને બહેનને મળવા અને રહેવા ગઈ છે.

સીમા સાસરે છે સીમા અને તેના પતિ વચ્ચે એક જ મોબાઈલ છે અને તેમાં ભારતનું સીમકાર્ડ છે. સીમાના સાસુ જણાવે છે કે સીમા અને કેયુરની કોઈ ધાર્મિક વિધિ કરાવવી જરૂરી છે. સીમા આવી ધાર્મિક વિધીની વાત જાણવા માંગે છે. તેના સાસુ તે બાબત અંગે ઉડાણથી જણવવાનો ઈન્કાર કરી દે છે. એટલું જ નહીં સીમા સાથે ખૂબ જ કજિયો કરે છે. સીમાને રૂમમાં પુરી દે છે. સીમા આવી બાબતથી ભયભીત થઈ જાય છે. સીમાને ખૂબ ડર ઉભો થાય છે. સીમા ખૂબ બુમાબુમ કરવા માંડે છે. આવું બધુ બનવાને કારણે પાડોશી આવી જતા સીમાના સાસુ પાડોશીની બીકને કારણે સીમાના રૂમનું બારણું ખોલી નાખે છે. બારણું ખૂલતા જ સીમા પહેરેલ કપડે ઘરમાં પહેરવાના સ્લીપર સાથે માત્ર પર્સ હાથમાં લઈને (જે તેની પાસે હતુ) તે લઈને બહાર નિકળે છે. સીમા કોઈને કહયા વગર માત્ર ડરને કારણે સીધી બસસ્ટેન્ડે પહોંચે છે અને પોતાના માતા પિતા પાસે જવા નિકળી જાય છે.

સીમાની માતા ખૂબ ગંભીર છે તેથી તેના પિતા બહારગામ દવા કરાવવા ગયા છે. સીમા જામનગરથી તો બસમાં તો બેસી જાય છે પરંતુ પોતાના માતાપિતા કયાં રહે છે તેનું સરનામું પણ તેણી પાસે નથી. બસમાં તેણીની બાજુમાં મુસાફરી કરતી એક મહિલા પાસેથી મદદ મેળવીને મોબાઈલથી પિતાનો સંપર્ક કરે છે. સવારથી ચા પીધા વગર પહેરેલ કપડે નિકળેલી સીમા, થાકેલી પાકેલી અને મનથી હારેલી એક છોકરી પોતાની મા પાસે જયારે પહોંચે છે ત્યારે ખૂબ જ મૂંઝવણમાં છે.

દિકરી પોતાનું આંતરિક દુ:ખ પોતાની માતા પાસે સહજ અને સરળ ભાવે કોઈપણ જાતના આડંબર વગર વ્યકત કરતી હોય છે. સીમાને મનમાં પણ એમ છે કે માતાપિતાન જણાવું? સીમાને ખૂબ વાત કરવી છે પરંતુ સામે માતા તો પથારીવશ છે. સીમાની માતા આટલી ગંભીર બિમાર છે તે સીમાને ખબર પણ ન હતી. સીમા વિચારે છે હું માતાના દુ:ખમાં ભાગ લવ કે મારું દુ:ખ માતા પાસે વ્યકત કરુ?

આવો પ્રશ્ન કોઈ એક સીમાનો નથી સીમા તો એક ઉદાહરણ છે અને દરેક દિકરી આવી એક અગ્નિ પરીક્ષામાંથી પસાર થતી હોય છે. ખેર! એ બાબતની વિગતવાર ચર્ચા તો સીમાએ મારી સાથે કરી છે પરંતુ સીમાની વાતમાં જ જો આગળ વધીએ તો સીમાનો કોઈ સામાન તેણી સાથે નથી તેથી પિતાને જ આશ્ચર્ય થાય છે. પિતાને એમ થાય છે કે બસમાં તો સામાન ભૂલી નથી ગઈ ને? ફરી સીમાની એજ વિમાસણ વાત માંડીને કેમ કરવી? સીમાના પતિ પક્ષમાં દુરના સગા આવીને બે દિવસ પછી આવે છે. સીમાનો, તેના પિતાનો કે સીમા સગા તરફથી એક પણ ફોન સીમાના સાસુ અને કેયુર ઉપાડતા નથી. દુરના સગા આવીને સીમાને ખૂબ ધમકી આપી જાય છે કે છુટાછેડામાં સહી કરી આપો.

સીમા અને કેયુર તરફથી ખરેખર વેદના શું હતી? સીમાએ પોતાની લગ્નવિષયક વેદના અને થયેલી તકરાર મારી સમક્ષ રજુ કરી. સીમા ઓસ્ટ્રેલીયા નોકરી કરતી, આનંદ કરતી પરંતુ કેયુર તેણી સાથે પત્નિ જેવો વ્યવહાર બિલકુલ રાખતો નહીં. સીમાઆ બાબતે પોતાના પતિ સાથે વાત પણ કરી શકતી નહીં. સીમાએ ભારત આવીને સાસુ અને નણંદને આ બાબત જણાવી અને કહેલ કે આપણે સારા ડોકટરની સલાહ અને માર્ગદર્શન લઈએ. સીમાની આ બાબતની કારણે તેના સાસુ અને પતિએ કજિયો, કંકાસ કરેલા. સીમા પોતાના માતાપિતા, કુટુંબીઓ વગેરે માટે ખૂબ જ ચીજવસ્તુઓ ઓસ્ટ્રેલીયાથી લાવી હતી. અલબત, તેના સાસરીયા પક્ષ માટે પણ બધી ચીજવસ્તુઓ લાવી હતી. સીમા પોતાના બધાજ કપડાં, વસ્તુઓ, દાગીના, એમ પુરેપુરી બેગ સાસુના ઘરે મુકીને પહેરેલ કપડે ભયના કારણે નિકળી ગઈ હતી.

સીમાને કેયુરના સગા તરફથી છુટાછેડાનું જણાવતા ખૂબ દુ:ખ લાગેલ એટલું જ નહીં તેણીએ વારંવાર વિનંતી કરી. પરંતુ તેના સાસુએ કોઈ જવાબ આપેલ ન હતો અને આ સ્થિતિમાં સીમા ચાર દિવસથી એક જ જોડી કપડા પહેરીને ફરતી હતી.

સીમાનો પતિ પોતાના ઘરેથી નિકળી ગયો છે. સીમાને પોતાના કપડા, ચીજવસ્તુઓ, દાગીના વગેરે તાત્કાલીક મેળવવું છે. તે ચિંતા કરે છે કે કેયુર એકલો ભાગી જશે તો? ખબર પડે છે કે સીમાના સાસુ પણ ઘર બંધ કરીને કયાંક ચાલ્યા ગયા છે. સીમાને એમ પણ થાય છે કે તેણીના ઓસ્ટ્રેલીયાની મિલકત અંગે શું થશે?

સીમાના કેસમાં શું બને છે? સીમા પોતાની ચીજવસ્તુઓ કઈ રીતે લઈ આવે છે? સીમાના પ્રશ્નોના જવાબ તથા અન્ય વાચકોએ અમોને પ્રશ્ન લખેલ છે તે જવાબ સાથે મળીએ આવતા અંકે...